# વારંવાર પૂછાતા પ્રશ્નો

## 65+ Medicare અને COBRA જેની સંપૂર્ણ ચુકવણી UHH દ્વારા કરવામાં આવે છે ("ફંડ દ્વારા ચુકવણી કરાયેલ COBRA")

Medicare 65 વર્ષ અને તેથી વધુ ઉંમરના યૂએસના એવા કાનૂની નિવાસીઓ અને નાગરિકો માટેનો આરોગ્ય વીમા પ્રોગ્રામ છે, જેઓએ યૂએસમાં કામ કર્યું છે અને Medicare કર ચુકવ્યો છે. Medicare માત્ર એકલ કવરેજ પૂરું પાડે છે. Medicareના ચાર ભાગ છે:

- **ભાગ A** – આ હોસ્પિટલ, કુશળ નર્સિંગ સુવિધાઓ, હોમ હેલ્થ કેર, હૉસ્પિસ અને અન્ય તેના જેવી સેવાઓ માટે ચુકવણી કરવામાં મદદરૂપ થાય છે. મોટા ભાગના લોકો આ કવરેજ માટેનો ખર્ચ ચુકવતા નથી.
- **ભાગ B** – આ ડૉક્ટરની મુલાકાતો, આઉટપેશન્ટ સેવાઓ અને લેબ પરીક્ષણો માટે ચુકવણી કરવામાં મદદરૂપ થાય છે. આ કવરેજ માટે તમે અમુક ખર્ચ ચુકવો છો.
- **ભાગ C** – આ ખાનગી પ્લાન્સ દ્વારા પૂરા પડાતા Medicare Advantage Plans (મેડિકેર એડવાન્ટેજ પ્લાન) છે જેમાં ભાગ A અને B ઉપરાંત વધારાના બેનિફિટ્સનો સમાવેશ થાય છે. Medicare Advantage Plan માટે અરજી કરવા માટે તમારી પાસે Medicare ભાગ A અને B હોવા જોઈએ અને તેનો વધારાનો ખર્ચ હોઈ શકે છે.
- **ભાગ D** – આમાં વધારાની કિંમતે ખાનગી હેલ્થ પ્લાન દ્વારા પ્રિસ્ક્રિપ્શનથી મળતી દવાઓ આવરી લેવાય છે.

## વધુ જાણવા માટે:

- 1-800-MEDICARE પર કૉલ કરો (અઠવાડિયાના 7 દિવસ, દિવસના 24 કલાક ચાલુ) અથવા www.medicare.gov પર જાવ
- તમારા સ્થાનિક Office of Social Security (સોશિયલ સિક્યોરિટી કચેરી)માં અપોઇન્ટમેન્ટ લો; કચેરી www.ssa.gov પર શોધી શકાય છે અથવા તે માટે તમે 1-800-772-1213 પર કૉલ કરી શકો છો (સોમવારથી શુક્રવાર સવારે 7 વાગ્યાથી સાંજે 7 વાગ્યા સુધી ચાલુ)

1. **હું Medicare માટે પાત્ર છું (અથવા મારી પાસે તે છે) – શું હું ફેડરલ સરકાર દ્વારા ચુકવણી કરાતા મફત COBRA માટે નોંધણી કરાવી શકું?**

   જો તમે Medicare માટે પાત્ર હો, તો તમે Medicareમાં નોંધણી કરાવી હોય કે નહીં, તમે ફેડરલ સરકાર દ્વારા ચુકવણી કરાતા મફત COBRA ("મફત COBRA") માટે પાત્ર થતા નથી. તેમ છતાં, જો તમે મફત COBRA માટેની બીજી જરૂરિયાતો (ફરજિયાત નોકરીમાં દૂર કરાવા, કલાક ઘટાડાવા, અન્ય સામુહિક આરોગ્ય કવરેજને પહોંચ નહીં) પૂરી કરતા હો, તો તમે ફંડ દ્વારા સંપૂર્ણ ચુકવણી કરાતા COBRA ("ફંડ દ્વારા ચુકવાયેલ COBRA") માટે નોંધણી કરાવી શકો છો.

   *COBRA અને Medicare સાથે કેવી રીતે કામ કરે છે તે માટે આગળ વાંચવાનું ચાલુ રાખો.*

2. **હું Medicare માટે પાત્ર છું (અથવા પહેલેથી જ ધરાવું છું), પણ મારા જીવનસાથી નહીં, અથવા મારા જીવનસાથી Medicare માટે પાત્ર છે (અથવા પહેલેથી જ ધરાવે છે), પણ હું નહીં.**

પુખ્ત વયની દરેક વ્યક્તિને જુદી - જુદી માનવામાં આવશે, માટે તમે કર્મચારી હો કે તમારા જીવનસાથી, તમારે અલગ-અલગ આ પ્રશ્નો વાંચવા જોઈએ.

3. **Medicare અને COBRA સાથે કેવી રીતે કામ કરે છે?**

Medicare (ભાગ A અને B) હંમેશા COBRA કવરેજથી પહેલું હોય છે.  ફંડ માત્ર પ્લાનના એજ બેનિફિટ્સ માટે ચુકવણી કરશે જે Medicare દ્વારા ચુકવી ન શકાય.  આનો અર્થ છે કે જો Medicare કોઈ હોસ્પિટલ ક્લેઇમના 80% ચુકવે, તો ફંડ બાકીના 20% ચુકવશે.  તમારી પાસે જો Medicare કવરેજ હોય, તો તમારે ફંડને જાણ કરવી જોઈએ, જેથી ફંડ તમને તમારા બેનિફિટ્સ સાચી રીતે ચુકવી શકે.

તમે Medicare માટે નોંધણી ન કરાવો તો પણ આ સાચું છે.  આનો અર્થ છે કે જો તમે Medicare મેળવી શકો એમ હો, પણ તેમ ન કરવાનું નક્કી કરો, તો તમારે Medicare ભાગ A અને B સામાન્ય રીતે ચુકવત એ બધા બીલો ચુકવવાના રહેશે.

4. **મારે પાસે Medicare છે જ – જો હું હવે ફંડ દ્વારા ચુકવાતા COBRA માટે નોંધણી કરાવું તો શું થશે?**

જો તમે COBRA કવરેજ પસંદ કરો તે દિવસે અથવા તેની પહેલા તમારી પાસે Medicare બેનિફિટ્સ (ભાગ A અથવા ભાગ B) હોય તો પણ તમે Medicare રાખીને સાથે COBRA પણ મેળવી શકો. આ તો પણ સાચું છે જો તમારી પાસે COBRA પસંદ કરો ત્યારે માત્ર ભાગ A હોય, અને તમે પછીથી ભાગ B માટે ઘણા સમય પછી નોંધણી કરાવો તો પણ સાચું હોય છે.

*Medicaid અને COBRA સાથે કેવી રીતે કામ કરે છે તે માટે ઊપર આપેલ મહત્ત્વની માહિતી જુઓ.*

5. **મારી ઉંમર 65 વર્ષથી વધુ છે, પણ મેં Medicare (ભાગ B)માં નોંધણી નથી કરાવી કારણકે હું કામ કરતો હતો/કરતી હતી.  હું હવે ફંડ દ્વારા ચુકવણી કરાનાર પ્લાન માટે નોંધણી કરવાવાની તૈયારી કરું છું COBRA, તો પણ શું મારે હવે Medicare (ભાગ B) માટે નોંધણી કરાવવાની રહેશે?**

હા, તમે જો 65 વર્ષની ઉંમર પછી પણ કામ કરી રહ્યા હતા, તો Medicare માટે નોંધણી કરાવવાની રાહ ન જો શો. તમારી નોકરી અથવા તમારા રોજગારદાતા દ્વારા ચુકવાતું કવરેજ પૂરું થાય ત્યારે શરુ થતા 8 મહિનાના સમયગાળામાં તમારે Medicare ભાગ B માટે નોંધણી કરાવવાની રહેશે.  જો તમે તેમ નહીં કરો, તો તમારા Medicare કવરેજમાં મોડું થઈ શકે છે અને શખ્ય છે કે તમારી બાકીની જિંદગી Medicare ભાગ B હેઠળ કવરેજ માટે વધુ ચુકવણી કરવી પડે.

*Medicaid અને COBRA સાથે કેવી રીતે કામ કરે છે તે માટે ઊપર આપેલ મહત્ત્વની માહિતી જુઓ.*

6. **શું મારે મારી પાસે છે તે Medicare કવરેજ મને COBRA મળે પછી જતું કરવું જોઈએ (કારણકે મારે તેના માટે ચુકવણી કરવી નથી)?**

ના. જો તમારી પાસે Medicare હોય અને તમે તે જતું કરો, તો તમારે Medicare ભાગ A અને B એ ચુકવી હોત તે રકમ ચુકવવાની રહેશે; ફંડ એ બિલો નહીં ચુકવે.

7. **હું અત્યારે મફત COBRA માટે પાત્ર છું પણ 1 એપ્રિલ 2021 અને 30 સપ્ટેમ્બર 2021ની વચ્ચે મારી ઉંમર 65 વર્ષ થઈ જશે.  આજીવન દંડથી બચવા માટે મારે Medicareમાં ક્યારે નોંધણી કરાવવાની રહેશે?**

જ્યારે તમારી ઉંમર 65 વર્ષની નજીક હોય ત્યારે તમારી પાસે Medicare માટે નોંધણી કરાવવા માટે 7 મહિના હોય છે.  આ 7 મહિનાનો સમયગાળો તમારા “Medicare શરૂઆતની નોંધણીના સમયગાળા” તરીકે ઓળખાય છે.  તે તમારી 65મી વર્ષગાંઠના 3 મહિના પહેલા શરૂ થાય છે અને તમારા 65મા જન્મદિવસના 3 મહિના પછી પૂરો થાય છે (અને તે તમે જે મહિને 65 વર્ષના થયા હો તેને પાછલી અસરથી લાગુ પડે છે).  જો તમે તમારા શરૂઆતની નોંધણીના સમયગાળામાં નોંધણી ન કરાવો તો તમારે ભાગ B કવરેજ માટે આજીવન દંડ ચુકવવો પડે છે.

| **Medicare શુરૂઆતની નોંધણીનો સમયગાળો શરૂ થાય છે** | | | **65મા જન્મદિવસના મહિનામાં** | **Medicare શુરૂઆતની નોંધણીનો સમયગાળો પૂરો થાય છે** | | |
|---|---|---|---|---|---|---|
| 1 જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન | 31 જુલાઈ |
| 1 ફેબ્રુઆરી | માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | 31 ઑગસ્ટ |
| 1 માર્ચ | એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઑગસ્ટ | 30 સપ્ટેમ્બર |
| 1 એપ્રિલ | મે | જૂન | જુલાઈ | ઑગસ્ટ | સપ્ટેમ્બર | 31 ઑક્ટોબર |
| 1 મે | જૂન | જુલાઈ | ઑગસ્ટ | સપ્ટેમ્બર | ઑક્ટોબર | 30 નવેમ્બર |
| 1 જૂન | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટેમ્બર | ઑક્ટોબર | નવેમ્બર | 31 ડિસેમ્બર |

નોંધ લેશો કે તમારે તમે 65 વર્ષના થાવ તે મહિનેથી સામાન્ય રીતે Medicare ભાગ A અને B ચુકવે તે બધા બીલો ચુકવવાના રહેશે. Medicaid અને COBRA સાથે કેવી રીતે કામ કરે છે તે માટે ઊપર આપેલ મહત્ત્વની માહિતી જુઓ .